ન્યુયોર્કની વિએતનામી હતાશ યુવાન જે હદે સીવીક સેન્ટરમાં ઘટનાને આકાર આપી શક્યો તે જોઈને એકંદરે એવું લાગે છે કે નાગરિકોને સુરક્ષા આપવી મહાપડકારજનક છે. કોઈપણ આધુનિક સિસ્ટમ ફુલપ્રુફ ગેરંટી આપી શકે તેમ નથી. તમે પ્રત્યેક વ્યક્તિના ખિસ્સા, કપડા, બેગ કે થેલી તપાસી શકો અને પ્રત્યેક પળે તપાસતા રહો તે વ્યવહારિક રીતે પણ શક્ય નથી. હજારો રાહગીરો અને વાહનોની અવરજવરનું અધવચ્ચે પાંચ પંદરનું ચેકિંગ થઇ શકે.

આપણી લાગણી, ઉત્તેજના અને ઉશ્કેરાટ માત્ર આતંકવાદ સાથે જ જોડાઈ ગઇ છે. આતંકવાદી હુમલાને કારણે કોઈના મૃત્યુ થાય તો આપણું દિલદ્રવી ઉઠે છે. આતંકવાદી પરત્વે આપણો રોષ સતત ભભૂકતો જ રહે છે. હૂમલામાંના

મૃતકો શહીદ મનાય છે. તેમના કુટુંબીઓના ઇનટરવ્યુ લઇને કરૂણ અહેવાલો પ્રકાશિત થાય છે. મૃતકોને અંજલી આપવા માટે દેશના નાગરિકો મીણબત્તી પ્રગટાવતા જાહેર સ્થળોએ ભેગા થાય છે. પ્રસારણ માધ્યમોમાં ઘટના પછીના દિવસો સુધી આવા હૂમલાની ભીતરમાં સનસની ખેજ કવરેજ થતું રહે છે પણ ન્યુયોર્કમાં શુક્રવારે બનેલી ઘટનામાં આતંકવાદી નથી તેવા જાહેરાત થતા જ આપણે કોઈ રોમાંચક થ્રિલરના ક્લાઈમેક્સથી ભારે નિરાશ થયા હોય તેવું અનુભવ્યું. તે ઘટનાના ૧૪ નિર્દોષ મૃત્યુ પામ્યા તે આપણી ભીતરમાં પ્રગટેલી કરૂણ અને સંવેદનાને જગાડી નથી શક્તું. ‘ઓહ... આમાં શું આ તો બેકાર બની ગયેલા હતાશ યુવકનું કૃત્ય હતું.’ અમેરિકાની સરકાર અને એફબીઆઈએ પણ આ જ રીતે નિરાંતનો દમ લીધો હશે. ઓબામાએ પણ આ આતંકવાદી ઘટના નથી તેમ જાણીને ફ્રાંસની તેની મુલાકાત દરમ્યાન શેમ્પેઇનની છોળો ઉડાડી હળવાશ અનુભવી હશે.

ખરેખર અમેરિકા જેવા વિકસીત દેશથી માંડી વિશ્વના દેશોએ વિએતનામના કે છેલ્લા વર્ષમાં જે રીતે ભારે આશા સાથે આપેલા વિદેશીઓના સ્વપ્ન કોના પાપે રોળાયા તેની ભીતરમાં જઇને આત્મચિંતન કરવું જોઇએ. આવા નાગરિકોના તેમના કુટુંબીઓના જીવન અને ભાવિ જોડે અગનખેલ ખેલતા કંપનીઓ અને દેશને લૂંટતા કોર્પોરેટ વડાઓ, સટોડિયાઓ અને રાજકારણીઓને સબક શીખવાડવા ઓબામા જેવાએ ઉદાહરણીય પગલા લેવા પડશે. યુરોપિયન દેશોના નેતાઓ પણ આંખ આડા કાન કરીને જે રીતે મૂડીબજારના સોદાગરોના સાથી બન્યા તે પણ એટલા જ જવાબદાર છે. લોભ અને લાલચ મૂડીવાદી લાલસા ધરાવનાર તેમની અંગત કમાણીમાંથી સીમિત રાખે તે સમજ્યા પણ જાહેર મિલકત, પ્રજાના નાણા અને સિસ્ટમને દોહીને પોતે ધનવાન બનતા રહે તેને કારણે પ્રજાને ભોગવવું પડ્યું છે.

ભારતમાં ધર્મ અને સંસ્કૃતિ ક્યાં કામ કરે છે તેની પૂરાવા સાથે પ્રસંશા કરવાની તક પણ આ કપરા સમયે ઝડપવા જેવી છે. અમેરિકા કે પશ્ચિમના દેશોમાં નર્યો ભોગવાદ અને કર્મવાદ છે. પણ સંસ્કાર, સંસ્કૃતિ, પરંપરા, ચારિત્ર્ય ઘડતર જેવા પાસાઓ પ્રત્યે જાગ્રત રહીને રોજીંદો ઉછેર નથી થતો. આપણે ત્યાં સંસ્કારને વશ અમેરિકા કે પશ્ચિમી દેશોની જેમ કોઈ હતાશ યુવાન શાળા-કોલેજ કે જાહેર સ્થળોએ નિર્દોષોને મારી નાંખતા અંધાધુંધ ગોળીબાર ચલાવે તેવું જુજ જોવા મળે છે. ખરેખર આર્થિક ભીંસ, તનાવ અને કુટુંબના સભ્યોની જવાબદારીની રીતે આપણી પ્રજા પશ્ચિમના દેશોની પ્રજા કરતા વધુ તંગ અને હતાશ હોવી જોઇએ. જ્યારે અમેરિકામાં વસતા નાગરિકો જરા અમથી સંકડામણમાં ગુંગળાઈ જાય છે. ભયંકર કાલ્પનિક નકારાત્મકતા અને ભયમાં જીવે છે. કેમ કે તેઓને ધીરજ, શ્રધ્ધા, બધુ પરિવર્તનશીલ છે તેવું કોઈ જ્ઞાન નથી અપાતું. કુટુંબ કે સમાજ વ્યવસ્થા જેવું પણ કંઇ નથી. ભારતમાં પ્રાર્થના, પૂજા, યોગ, ધ્યાનનો સહારો લઇ શકાય છે. કોઈ ભગવાન, સંત કે ગુરૂ પર આપણો આધી-વ્યાધી અને ઉપાધીનો બોજ ઠાલવી શકાય છે.

તમે જોઈ શકો છો કે ભારતમાં કે વિદેશમાં ભારતીય અતિ હતાશ કે માનસિક બિમાર વ્યક્તિ આત્મહત્યા કરે છે. તેના કુટુંબીઓને પણ મારી નાંખે છે. પણ બંડ હેઠળ નિર્દોષોને મારી નાંખવાના તેનામાં કુસંસ્કાર નથી.

મરતા અને પોતાનાને મારી નાંખતા પણ તે એમ વિચારે છે કે મારી આવી સ્થિતિમાં અજાણ્યાનો કે બીજાનો શું દોષ ? અમેરિકામાં પણ જે ભારતીયોએ આત્મહત્યા કે કુટુંબીઓની પણ હત્યા કરી છે તેઓએ આ રીતે શાળા-કોલેજ કે જાહેર ઇમારતોમાં અંધાધુંધ ગોળીબાર કરતા ઘુસી જતા નથી.

જો કે આવી આત્મહત્યા કે કુટુંબીઓની હત્યાના ભારત કે વિદેશમાં જે કિસ્સાઓ વધતા જાય છે તેમાં પણ સમાજ અને સરકારે કંઇક નક્કર કરવું જોઇએ. આર્થિક જગતના આતંકવાદીઓ પ્રત્યે પણ એટલી જ ચિંતા હોવી જોઇએ.

ભારતે પશ્ચિમમાં બનતી ઘટનાઓથી એક બોધપાઠ તો લેવો જ પડશે કે કોઈપણ સંજોગોમાં વ્યક્તિને ગન રાખવાની પરવાનગી નથી આપવાની. શક્ય ત્યાં દારૂબંધીનો અમલ કરવાની જરૂર છે. સેક્સ, ડ્રગ, નશામાં ધૂત થઇને યોજાતી નાઇટ પાર્ટીઓ અને સંસ્કૃતિનો કે પરંપરાગત સંસ્કારોની મઝાક ઉડાવનારાઓનો બહિષ્કાર કરતા શીખવું જ પડશે. કુટુંબ, સમાજ વ્યવસ્થા પણ ટકાવવી રહી. કોઈ ભગ્ન હૃદયી કે બેકારનો કેન્સરની જેમ ઇલાજ કરવાની જવાબદારી નેતાઓ અને સમાજની છે.